અપીલ અરજી નં.૩૦૨ તા.૧૯–૧–૦૯

અરજદારઃ શ્રી રાજુભાઈ સી. ઠકકર
સામાવાળાઃ ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (લીબાયત ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજુભાઈ સી. ઠકકરની તા.૨૧–૧૧–૦૮ની અરજીથી સુરત શહેરમાં ડાયનેમિક યોગાના નામે ડો. સ્નેહ દેસાઈના નામના જાહેર માર્ગો ઉપર કેટલા બોર્ડો લગાવેલા છે તેનો ચાર્જ વસુલ લીધો છે કે કેમ તેમજ ડો. સ્નેહ દેસાઈના પ્રોગ્રામો ગાંધી સ્મૃતિ અને ઈન્ડોર સ્ટેડીયમમાં થઈ રહય છે તેનો ચાર્જ લોધો છે કે નહીં તે અંગે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૯–૧–'૦૯ ની અપીલ અરજી નં.૩૦૨/૨૦૦૮–૦૯

શ્રી રાજુભાઈ સી. ઠકકરની તા.૨૧–૧૧–૦૮ની અરજીથી સુરત શહેરમાં ડાયનેમિક યોગાના નામે ડો. સ્નેહ દેસાઈના નામના જાહેર માર્ગો ઉપર કેટલા બોર્ડો લગાવેલા છે તેનો ચાર્જ વસુલ લીધો છે કે કેમ? તેમજ ડો. સ્નેહ દેસાઈના પ્રોગ્રામો ગાંધી સ્મૃતિ અને ઈન્ડોર સ ટેડીયમમાં થઈ રહયા છે તેનો ચાર્જ લોધો છે કે નહીં? તે અંગે માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનના પત્ર નં.સાઈ.ઝોન/મહેકમ/૩૨૯૧ તા.૯–૧૨–૦૮ થી આપેલ જવાબ ગેરમાર્ગે દોરનાર અને ખોટા હોવાનું જણાવી મળેલ પ્ર તિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૦૪ તા.૨૩–૧–૦૯ થી ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (લીબાયત ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને પુરક માહિતી મળેલ નથી. પરંતુ સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૮૬૦ તા.૫–૨–૦૯ ના રોજ મળેલ માહિતી અનુસાર તેમના પત્ર સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં. ૩૨૯૧ તા.૧૯–૧૨–૦૮ થી અરજદારને પ્રત્યુત્તર પાઠવી ડો.સનેહ દેસાઈના નામનું એક બોર્ડ રઘુકુળ માર્કેટ સામે આંજણા કમેલા રોડ પરના બાજુના સુ.મ.ન.પા.ના રીઝર્વ પ્લોટ પર એક બોર્ડ લગાવેલ હોવાની માહિતી પુરી પાડી સાથે જણાવેલ છે કે ખાનગી મિલ્કત સિવાયની મિલ્કતો પરના હોર્ડીગની મંજુરી મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ ખાતામાંથી અપાતી હોઈ તેની માહિતી સદર ખાતામાંથી મળી શકે તેવું જણાવેલ. સાથે તેઓ કક્ષાએથી અરજદારની જાણ હેઠળ તેમના પત્ર નં.૩૨૮૦ તા.૧૯–૧ ૨–૦૮ થી મ. જાહેર માહિતી અધિકારી ધ્વારા ટાઉન પ્લાનીંગ અધિકારીને અરજી તબદીલ કર્યાની વિગત મોકલેલ. અરજદારની મુળ અરજી મ. જાહેર માહિતી અધિકારી સે.ઝોન ધ્વારા પત્ર નં.૧૦૧૪ તા. ૨૭–૧૧–૦૮ થી તમામ ઝોનને તબદીલ કરેલ. તે પૈકી અરજદારે માત્ર લીંબાયતઝોને આપેલ માહિતી અંગે અપીલમાં વિવાદિત મુદ્દા ઉપસ્થિત કરેલ છે. પુરક માહિતીમાં ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ધ્વારા તેમના પત્ર નં.૩૮૫૮ તા.૪–૨–૦૯ થી પુનઃ અરજી ટાઉન પ્લાનીંગ ઓફિસરને તબદીલ કરી અરજદારને નકલ પાઠવ્યાની વિગતો મોકલેલ છે. જે પૈકી વિવાદ હેઠળની બાબતે ટાઉન પ્લાનીંગ વિભાગના પત્ર નં.ટીપીડી/આ./૬૦૨૫ તા.૧૫–૧૨–૦૮ થી જાહેર માહિતી અધિકારી અને એડીશનલ સીટી ઈજનેરશ્રી ધ્વારા સ્થાયી સમિતિના ઠરાવ અનુસાર ૧૮ સ્થળોએ વિના ભાડે હોર્ડીગની મંજુરી મળેલ હોઈ ચાર્જ વસુલ લેવામાં નહીં આવ્યાનું જણાવેલ પરંતુ ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન ધ્વારા તબદીલ થયેલ પત્ર અન્વયે કોઈ માહિતી પુરી પડાયેલ હોવાનું જણાતું નથી. જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન ધ્વારા પુરી પાડેલ માહિતીની વિગત ધ્યાને લેતાં "ખાનગી મિલ્કત સિવાયની મિલ્કતો પરની હોર્ડીગની મંજુરી ટાઉન પ્લાનીંગ કક્ષાએથી મળી શકે તેમ હોવાનું જણાવેલ છે. તેમ છતાં તેઓ કક્ષાએથી એસ એમ. સી રીઝર્વ પ્લોટ અંગેની માહિતી આપેલ છે.

અરજદારે તા.૧૯–૧–૦૯ ના રોજ સા.ઈ.ઝોન લીંબાયત ધ્વારા આપવામાં આવેલી માહિતી અંગે અપીલ અરજી કરી ઉમરવાડા ટીપી સ્કીમ નં.૮ ફા.પ્લોટ નં.૧૫૩ અંગે સાચી માહિતી પુરી પાડવા રજુઆત કરેલ છે. જેના અનુસંધાને તા.૧૭–૨–૦૯ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે મુખ્ય કચેરી સુરત મહાનગરપાલિકા ખાતે સુનાવણી રાખવામાં આવેલ. જેમાં અરજદાર શ્રી રાજુભાઈ સી. ઠકકર હાજર રહી સદરહુ પ્લોટના કબ્જા રસીદ રજુ કરી ટાઉન પ્લાનીંગ વિભાગના પત્ર નં.ટીપીડી/૪૨૦૩ તા.૬–૭–૮૮ ના પત્રની નકલ રજુ કરેલ. જેમાં સુલેમાની ટ્રસ્ટને સ્થાયી સમિતિએ ૧૯૭૯ માં ઠરાવ કરેલ ત્યારેજ ફાળવેલ જગ્યાનો કબ્જો સોંપવામાં આવેલ છે તેવું ટ્રસ્ટને જણાવેલ છે. અરજાદારે રેકર્ડ ઉપર નામ ચઢાવી ફરીથી માહિતી આપવા રજુઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી જુની. ઈજનેર લીંબાયતઝોન શ્રી યોગેશ એમ. પટેલ ઉપસ્થિત રહેલ. તેઓએ હાલમાં રીઝર્વેશન પ્લોટ પર કોર્પોરેશન માલિકીની બોલે છે તેમજ આકારણી દફતરે તે મુજબનો રેકર્ડ બોલે છે તેવી રજુઆત કરેલ. અરજદારે અપીલ સાથે તથા સુનાવણી સમયે રજુ કરેલ સ્થાયી સમિતિના ઠરાવની વિગત અનુસાર વિવાદ હેઠળની જગ્યા સુલ ેમાની ટ્રસ્ટને ફાળવેલ હોવાનું તથા ડે. ટાઉન પ્લાનરના ડે.કમિશ્નર (હેઅનેહો)અને જાહેર માહિતી અધિકારીના તા.૬–૭–૮૮ ના પત્રથી ફાળવેલ જગ્યાનો કબ્જો ટ્રસ્ટને સોંપવામાં આવેલ હોવાનુ જણાય છે. સુલેમાની ટ્રસ્ટ અને અરજદાર વચ્ચેના ૨૧–૫–૦૮ ના કરાર અનુસાર ટ્રસ્ટ ધ્વારા જગ્યાનો કબ્જો અરજદારને સોંપ્યાનું જણાય છે. તે ધ્યાને લેતાં માહિતી અધિકારી લીંબાયતનો હોર્ડીગની જગ્યા એસ એમ.સી રીઝર્વ પ્લોટની હવાની માહિતી સુસંગત જણાતી નથી.

## <u>હુકમ</u>

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૧૧–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી લીંબાયતઝોનના જાહેર માહિતી અધિકારી ધ્વારા હોર્ડીગના બોર્ડવાળી જગ્યાની માહિતી બાબતે જરૂર જણાયે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગના પરામર્શમાં દફતરી હકીકતલક્ષી માહિતી ઉપલબ્ધ કરી અત્રેની જાણ હેઠળ આરટીઆઈની કલમ–૭(૬) અનુસાર વિના મુલ્યે અરજદારને દિન–૭ માં પુરી પાડવા જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (લીંબાયત ઝોન) તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ....જાણ તથા અમલ માટે

(૨) શ્રી રાજુભાઈ સી. ઠકકર,